એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪ (નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

---

*ફોજદારી કેસ નંબર : ૨૧૮૩/૨૦૦૮*
*જુનો કેસ નંબર : ૨૮૫/૧૯૯૯*

ફરીયાદી : દીલીપ ગોપાલભાઈ રાણા તે
રાજદૂત પેઈન્ટસ લીમીટેડના ઓથોરાઈઝડ પર્સન

**વિરુઘ્ધ**

તોહમતદાર : હર્ષદકુમાર ચીમનલાલ વાળંદ તે
સરીતા આર્ટના માલીક

***આંક–૧ તળે હુકમ :***

કેસનું રેકર્ડ વંચાણે લીધું.

કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં, આ કામે ફરિયાદી ઘ્વારા આરોપીઓ સામે હાલની ફરીયાદ **તા.૯.૨.૧૯૯૯** ના રોજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી અને જેને ફોજદારી કેસ નંબર ૨૮૫/૧૯૯૯ આપવામાં આવેલ હતો. ત્યારબાદ સદર કેસને નવો ફોજદારી કેસ નં. ૨૧૮૩/૨૦૦૮ તા. ૧૧–૧૧–૨૦૦૮ ના રોજ પાડવામાં આવેલ છે. છેલ્લી ઘણી મુદતોમાં ફરિયાદપક્ષે મુદતે કોઈ હાજર રહેતુ ન હોવાનું રોજકામ જોતા ફલિત થાય છે. ફરિયાદીને તેમનો કેસ ચલાવવાની વારંવાર તક આપવા છતાં આ કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી. રોજકામ જોતાં ફરીયાદપક્ષે કોઈ હાજર રહેતુ ન હોવાનું ફલિત થાય છે. આજરોજ પક્ષકારોનો પોકાર કરતાં, ફરીયાદી હાજર નથી તેમજ ફરીયાદી તર્ફે કોઈ રજુઆત નથી.

કેસનું રેકર્ડ જોતાં, હાલનો કેસ ઘણો જુનો છે અને ફરિયાદપક્ષે કોઈ હાજર રહેતુ ન હોય તથા અને આરોપીને પ્રોસેસની બજવણી કરવા માટે ફરીયાદપક્ષે આરોપીનુ નવુ સરનામુ રજુ રાખી શકેલ ન હોય તથા આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ઘ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે રદ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૬મી, માહે – જાન્યુઆરી, સને ૨૦૨૩ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૬–૦૧–૨૦૨૩

**(પી. જે. ચૌધરી )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ (જીજે–૦૧૦૩૨)